### શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ તથા રાધે રાધે પરીવાર, ગાંધીનગર દ્વારા સળંગ બીજા વર્ષે ભવ્ય 'શૌર્ય યાત્રા' યોજાઈ

# ૫૫૧ ફૂટ લાંબો તિરંગો જોવા નગર ઉમટી પડ્યું







નાગરિકો રાષ્ટ્ર નિર્માણમાં સહભાગી થાય, રાષ્ટ્રનાં પ્રતિકોનું મહત્વ સમજે, સ્વતંત્રતાનું મંલ્ય જાણે અને તેનું જતન કરે તેમજ દેશપ્રેમ ઉજાગર કરે અને શહીદોની શહાદતને યાદ કરી ભારતીય સંસ્કૃતિના વરસાને જાળવે તે હેતુસર ગાંધીનગરમાં બીજી વખત ૫૫૧ ફૂટ બાય ૧૦ ફુટ પહોળાઈ ધરાવતા રાષ્ટ્રધ્વજ સાથે ઐતિહાસિક ભવ્ય 'શૌર્ય મહાયાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ શૌર્ય મહાયાત્રાનું પ્રસ્થાન ગાંધીનગર મહાનગરપાલિકા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘર, ખુશી સ્ટુડિયોના દિપકભાઈ વ્યાસ, ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝ્યુમર વેલ્ફેર કમિટીના અનિલ મોરેના હસ્તે કરાવવામાં આવ્યું હતું. ત્યાર બાદ ક-૫ સર્કલ, ખ-૫ સર્કલ, ખ-૬ સર્કલ, ગ-૬ સર્કલ, ઘ-૬ સર્કલ, ઘ-૫ સર્કલ, ઘ-૪ સર્કલથી એમ.એસ ગ્રાઉન્ડ સેક્ટર-૧૧ ખાતે આ શૌર્ય યાત્રા પહોંચી હતી, જ્યાં તેનું સમાપન કરવામાં આવ્યું હતું. પાંચ મણ (૧૦૦ કિલો)વજન ધરાવતા તિરંગાનું વજન ૧ હજાર જેટલા વિદ્યાર્થીઓએ હોંશે હોંશે ઉઠાવ્યું હતું અને યાત્રાને ગાંધીનગર શહેરના દસ કિલોમીટર વિસ્તારમાંથી પસાર કરી હતી. સમગ્ર ગાંધીનગર શહેર આ શૌર્ય યાત્રાનું સ્વાગત કરવા ઉમટ્યું હતું. સમગ્ર રૂટ દરમ્યાન મધુર ડેરી, ગાંધીનગર રોટરી ક્લબ, સ્ટુડિયો એસોસિએશન, કેપિટલ ક્રિએટવી ક્લબ, હેપ્પી યુથ ક્લબ, ધ ગ્રેટ એન્ટરટેઈનર્સ ક્લબ (જી ઈ ક્લબ), કેએસવી સર્વ નેતૃત્વ ગૃપ, સ્વામિનારાયણ ગુરુકુળ, ભાજપ, કોંગ્રેસ, આપણું ફાઉન્ડેશન, સ્વામિનારાયણ મંદિર (સે.૨૩), બાર એસોસિએશન, કચ્છ કાઠિયાવાડ રાજપૂત સમાજ, પાટીદાર સમાજ (સે.૧૨), બ્રહ્મ સમાજ, મીઠાઈ-ફરસાણ એસોસિએશન, ક્ષત્રિય ઠાકોર સમાજ, ગાંધીનગર સુખડિયા વિકાસ ટ્રસ્ટ, ડૉક્ટર એસોસિએશન, લોહાણા સમાજ, કરણી સેના, ગાંધીનગર પ્રજાપતિ સમાજ, જયપ્રકાશ સ્કૂલ (સે.૨૬) અને ગુંજ ફાઉન્ડેશન દ્વારા યાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને ધ્વજને સન્માન અર્પણ કરવામાં આવ્યું હતું. હાથમાં તિરંગા સાથે યુવાનોએ તિરંગાના માનમાં સૂત્રોચ્ચાર કરીને સમગ્ર વાતાવરણને રાષ્ટ્ર ભક્તિથી રંગી દીધું હતું. દેશભકિતનાં ગીતો અને સામાજીક સંદેશો આપતા પોસ્ટરો સાથે લોક જાગૃતિ અંગે ખૂબ સુંદર પ્રયાસ આ યાત્રાના માધ્યમથી કરવામાં આવ્યો હતો. યાત્રાનું સમાપન ગાંધીનગર મહાનગરપાલિકાનાં મેયર રીટાબેન પટેલ, વિપક્ષ નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. યાત્રાના અંત ભાગમાં શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓએ શૌર્ય દર્શાવતા કરતબો રજૂ કરી નાગરિકોનું ધ્યાન આકર્ષિત કર્યું હતું.



રંગતાલ પ્રિ-સ્કૂલ, રાંધેજા ખાતે રક્ષાબંધન પર્વની ઉત્સાહી ઉજવણી કરવામાં આવી હતી.

## જીઆઈપીએસમાં રક્ષાબંધન અને સ્વતંત્રતા પર્વની ઉજવણી



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલના પ્રિ-પ્રાઈમરી વિભાગમાં બુધવારે સ્વાતંત્ર્ય દિવસ અને રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં નાનાં બાળકો એ ઉત્સાહભેર ભાગ લીધા હતો. બાળકોએ સ્વાતંત્ર્ય દિવસ વિષે કવિતા પણ રજૂ કરી હતી.

## આજે યુટ્યુબ પર ગાંધીનગરના કલાકારો દ્વારા તૈયાર થયેલી શૉર્ટ ફિલ્મ 'રક્ષાબંધન' રિલીઝ થશે




ગાંધીનગર, તા. ૧૪

ગુરુવારે રક્ષાબંધન પર્વ નિમિત્તે મારૂતિ ડિજીટલના બૅનર તળે 'રક્ષાબંધન' નામની શૉર્ટ ફિલ્મ રિલીઝ થઈ રહી છે.

આ ફિલ્મ માટે કથા, વિડીયોગ્રાફિ, ઍડિટીંગ અને દિગ્દર્શનની જવાબદારી ધીરજસિંહ વાઘેલાએ સંભાળી છે. આશુતોષ રઘુવંશી, આરતી પટેલ, સંજયસિંહ રાઠોડ, અજયસિંહ વાઘેલા, પ્રતિક્ષા નિમાવત તથા કુંતલ નિમાવત આ ફિલ્મમાં પોતાનો અભિનય આપી રહ્યા છે.

ફિલ્મનિર્માણ માટે નગરના જાણીતા અભિનેતા કરણ રાજવીરનો સહયોગ પ્રાપ્ત થયો છે અને ફિલ્મ ગાંધીનગર જિલ્લાના કોલવડા ગામમાં શૂટ કરવામાં આવી છે. ગુરુવાર, તા. ૧૫મી ઓગષ્ટના રોજ સવારે ૭ વાગ્યે યુટ્યુબની 'મારૂતિ ડિજીટલ' ચૅનલ પર આ ફિલ્મ રિલીઝ કરવામાં આવશે. ભાઈ-બહેનના પવિત્ર પ્રેમ ઉપરાંત સ્ત્રી સમાનતા અને પરિવારભાવનાને આ ફિલ્મના માધ્યમથી ઉજાગર કરવાનો પ્રયાસ ગાંધીનગરના સર્જનાત્મક શક્તિ ધરાવતા યુવાનો દ્વારા કરવામાં આવ્યો છે.

## રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે રક્ષાબંધન પર્વની ઉત્સાહી ઉજવણી



ભાઈ-બહેનના પવિત્ર પ્રેમના પ્રતીક સમા પર્વ રક્ષાબંધનની ઉજવણી રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. ધોરણ-૧ અને ૨ના વિદ્યાર્થીઓએ આ પ્રસંગે સાંસ્કૃતિક કૃતિઓની રજૂઆત પણ કરી હતી.



સરકારી વિજ્ઞાન કૉલેજ ગાંધીનગર ખાતે નમો ઈ-ટેબ એપ્લિકેશનથી જનરલ સાયન્સ વિષય પર આધારિત એક ઓનલાઈન એક્ઝામ લેવામાં આવી હતી. જેમાં બી.એસ.સી. સેમ-૩ ના કેમેસ્ટ્રી વિષયના ૨૦૦થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નમો ઈ-ટેબ એપ્લિકેશન - નમો ઈ-ટેબ્લેટ અને એંડ્રોઈડ ફોન ઉપર ઉપલ્બ્ધ છે, જેમાં વિધાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે ઉપયોગી માહિતી જેમ કે ઈ-બૂક્સ, જર્નલ્સ, વિડિયો-લેક્ચર્સ, જૉબ પૉર્ટલ માટે લિંક્સ ઉપલબ્ધ છે. આના માધ્યમથી તેઓ સ્થળ અને સમયના અવરોધ વગર ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવી શકે છે. આ ટેબ્લેટ થકી ગુજરાત સરકારના ડિજીટલ ગુજરાતના પ્રયાસમાં ગુજરાતના યુવાન વિદ્યાર્થીઓને જોડાવવાની તક ઉપલબ્ધ થાય છે.

## નિરાશા અને ભીતિ

॥ બીજો મણકો ॥

આ ખાણાંપીણાંથી બારિસ્ટરીમાં શો વધારો થઈ શકે એ હું ન ત્યારે જોઈ શક્યો, ન પાછળથી. એવો એક સમય હતો ખરો કે જ્યારે આ ખાણામાં થોડા જ વિદ્યાર્થીઓ હતા ને તેઓ તથા બેન્ચરો વચ્ચે વાર્તાલાપ થતો ને ભાષણો પણ થતાં. આમાંથી તેઓ વ્યવહારજ્ઞાન મેળવી શકતા, સારી માઠી પણ એક પ્રકારની સભ્યતા કેળવતા, અને ભાષણ કરવાની શક્તિ વધારતા. આ બધું મારા વખતમાં તો અશક્ય જ હતું. બેન્ચરો તો છેટે અસ્પૃશ્ય થઈ બેઠા હોય. આ જૂના રિવાજનો પાછળથી કશો અર્થ ન રહ્યો. છતાં તે પ્રાચીનતા પ્રેમી-ધીમા-ઈંગ્લેન્ડમાં રહી ગયો.


કાયદાનો અભ્યાસ સહેલો હતો. બારિસ્ટરો વિનોદમાં 'ડિનર (ખાણાના) બારિસ્ટર' તરીકે જ ગણાતા. સહુ જાણતા કે પરીક્ષાની કિંમત નહીં જેવી હતી. મારા સમયમાં બે પરીક્ષાઓ હતી : રોમન લૉ અને ઈંગ્લંડના કાયદા. બે કકડે અપાતી આ પરીક્ષાનાં પુસ્તકો મુકર્ર હતાં. પણ તે તો ભાગ્યે જ કોઈ વાંચે. રોમન લૉને સારુ નાની નોંધો લખાયેલી તે પંદર દિવસમાં વાંચીને પાસ થનારને મેં જોયેલા. તેવું જ ઈંગ્લંડના કાયદા વિષે. તેની નોંધપોથીઓ બે ત્રણ માસમાં પૂરું કરતા વિદ્યાર્થીઓને પણ મેં જોયેલા. પરીક્ષાના સવાલો સહેલા, પરીક્ષકો ઉદાર. રોમન લૉમાં પાસના ૯૫ થી ૯૯ ટકા આવતા ને છેલ્લી પરીક્ષામાં ૭૫ અથવા તેથી ઉપરાંત એટલે નાપાસ થવાનો ભય બહુ થોડો. વળી પરીક્ષા વર્ષમાં એક નહીં પણ ચાર હોય. આવી સગવડોવાળી પરીક્ષા કોઈને બોજારૂપ ન જ લાગે.




પણ મેં તેને બોજારૂપ કરી મૂકી. મને લાગ્યું કે મારે અસલ પુસ્તકો વાંચી જ જવા જોઈએ. ન વાંચવામાં મને છેતરપિંડી લાગી. તેથી મેં તો અસલ પુસ્તકો ખરીદી ઠીક ખર્ચ કર્યું. 'રોમન લૉ' લૅટિનમાં વાંચી જવાનો નિશ્ચય કર્યો. વિલાયતની મૅટ્રિક્યુલેશનમાં હું લૅટિન શીખેલો તેનો અહીં ઉપયોગ થયો. આ વાચન વ્યર્થ ન ગયું. દક્ષિણ આફ્રિકામાં રોમન ડચ લૉ પ્રમાણભૂત હોય છે. તે સમજવામાં મને જસ્ટિનિયનનું વાચન બહુ ઉપયોગી થઈ પડ્યું.

ઈંગ્લંડના કાયદાનું વાચન હું નવ માસમાં ઠીક મહેનતે પૂરું કરી શક્યો. કેમ કે બ્રૂમના 'કૉમન લૉ'નું મોટું પણ રસિક પુસ્તક વાંચતાં જ ઠીક ઠીક વખત ગયો. સ્નેલની 'ઈક્વિટી'માં રસ આવ્યો, પણ સમજતાં દમ નીકળ્યો. વ્હાઈટને ટ્યૂડરના મુખ્ય કેસોમાંના જે વાંચવાના હતા તે વાંચતાં મને ગમ્મત પડી ને જ્ઞાન પણ મળ્યું. વિલિયમ્સ ને એડવર્ડ્ઝ?નાં સ્થાવર મિલકત ઉપરનાં પુસ્તક અને ગુડીવનું જંગમ મિલકતનું પુસ્તક હું રસપૂર્વક વાંચી શક્યો. વિલિયમ્સનું પુસ્તક તો મને નવલકથા જેવું લાગ્યું. તે વાંચતાં કંટાળો જ ન આવ્યો. કાયદાનાં પુસ્તકોમાં તેટલા જ રસથી તો હિંદુસ્તાન આવ્યા પછી હું મેઈનનો 'હિંદુ લૉ' વાંચી શકેલો. પણ હિંદુસ્તાનના કાયદાની વાત અહીં નહીં કરું.

પરીક્ષાઓ પસાર કરી. ૧૮૯૧નો દસમી જૂને હું બારિસ્ટર કહેવાયો, અગિયારમીએ ઈંગ્લંડની હાઈકોર્ટમાં અઢી શિલિંગ આપી મારું નામ નોંધાવ્યું, બારમી જૂને હિંદુસ્તાન તરફ પાછો વળ્યો. પણ મારી નિરાશા અને ભીતિનો પાર નહોતો. કાયદાઓ વાંચ્યા તો ખરા, પણ હું વકીલાત કરી શકું એવું તો મને કંઈ જ નથી આવડ્યું એમ લાગ્યું.



'સત્યના પ્રયોગો'માંથી સાભાર

### વેદ ઈન્ટીગ્રેટેડ કૅમ્પસમાં કાર્યરત

## આરાધના વિદ્યાવિહારમાં ફેન્સી ડ્રેસ કોમ્પિટિશન



આરાધના વિદ્યાવિહાર, સૅક્ટર-૨૮ ખાતે મંગળવારે ફેન્સી ડ્રેસ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોએ સ્વતંત્રતાસેનાનીઓની વેશભૂષા ધારણ કરીને દેશભક્તિનો માહોલ સમગ્ર વેદ ઈન્ટીગ્રેટેડ કૅમ્પસમાં ખડો કરી દીધો હતો.

## ઍમ બી પટેલ અંગ્રેજી સ્કૂલમાં ગુરુવંદનાનો કાર્યક્રમ યોજાયો



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ અને ભારત વિકાસ પરિષદ દ્વારા સ્કૂલમાં ગુરુવંદના કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે વક્તા તરીકે મણીબેન દેસાઈ, ભરત સોમાણી, દિપકભાઈ અને મીનાબેન સાંખલા ઉપસ્થિત રહ્યાં હતાં, જેમણે વિદ્યાર્થીઓને જીવનમાં શિક્ષક અને અનુશાસનનું મહત્ત્વ સમજાવ્યું હતું. આચાર્ય અર્પિત ક્રિશ્ચિયને આ પ્રસંગે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.